Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું વિક્રમ સંવત્ ૧૯૬૦—આસો અંક ૩ જો.

## પ્રભુસ્તુતિ.

### શિખરિણી.

સકામીને નિત્યે અભય કરી નિષ્કામ[1] કરતા,
સુધારે સંસારી સ્વયમખિલ[2] સંસાર હરતા;
સ્વયં સ્થૈ[3]ર્યે રહેતા પણ વિહ[4]રણે અસ્થિર બને,
પ્રભુના તે ચરણે ભવિકજન ભાવે નિત્ય નમે. ૧

## મિથ્યાત્વીને ઊપદેશ.

શ્મશાને રહેનારા અગુણ ગુણ રાગી શિવ ભજે,
વિલાસી વિષ્ણુને સ્મરણ કરતાં પુણ્યજ તજે;
વિધાતા સૃષ્ટાને નમન કરતાં કર્મઠ[5] બને,
તથાપિ મિથ્યાત્વી જિન ચરણમાં જૈ નવનમે. ૧

---

૧ કામ રહિત. ૨ બધા. ૩ પોતે સ્થિરતામાં રહેતા.
૪ વિહાર કરવામાં. ૫ કર્મવાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ગુરૂભક્તિમહિમા.

## શાર્દૂલવિક્રીડિત છંદ.

જે નિત્યે પ[1]યનીર[2]થી પૃથક[3] લે સાર વિવેક કરી,
તે ચાતુર્યજ રાજ હંસજ તણું નૈ અન્યમાં તે જરી;
તે રીતે મુનિ હંસ તત્વપદમાં ચાતુર્ય તેવું ધરે,
તેવા શ્રીગુરૂ ચરણનું નમન તે સંકષ્ટ સર્વે હરે. ૧

## હરિગીત.

જ્યાં ધર્મનો ઉદ્યોત થાયે ધર્મના જયનાદથી.
પ્રતિ બોધ પામે સર્વ ગુરૂમુખ દેશના[4] મૃત સ્વાદથી;
ધરિ રંગ[5] અંતર અંગમાં નિજ કર્મના મલને હરો.,
જઇ સિદ્ધ ગિરિવર તીર્થમાં ગુરૂતીર્થના દર્શન કરો. ૧
શ્રી હંસ મુનિપદ[6] પંકજે ભ્રમરા બની ભ્રમને તજો,
ભવભીતિ હારક ભવ્ય ભવિજન ભાવના હૃદયે ભજો;
શમ સાધને સત્વર બની સુખ કારિણી શમતા ધરો,
જઇ સિદ્ધ ગિરિવર, તીર્થમાં ગુરૂ તીર્થના દર્શન કરો. ૨
પરિવાર વિજયાનંદનો છે વિજય કારક ધર્મનો,
આ કાલમાં છે શરણ કારક એજ સાધક શર્મનો;
છે પરમપદનો માર્ગ તેથી સર્વ રીતે પાધરો,
જઇ સિદ્ધ ગિરિવર તીર્થમાં ગુરૂ તીર્થના દર્શન કરો. ૩

---

૧ દુધ. ૨ પાણીથી. ૩ જુદું કરીલે છે. ૪ દેશના રૂપ-અમૃત. ૫ આનંદ ૬ શ્રી હંસવિજય મહારાજના ચરણ કમલ. ૭ શ્રી આત્મારામજી મહારાજનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદા સુંદરી.

(ગત અંકના પૃષ્ઠ ૩૫ થી શરૂ.

ઉપર પ્રમાણે ચિંતવન કરતી માતા વીરમતીએ રૂષભદત્તાને કહ્યું. પુત્રી, શેનો વિચાર કરેછે? તારા અંતરનું દુઃખ અકથ્ય છે, તે હું સ્વાનુભવથી જાણું છું. બેન, તું ગુણવતી છુ. તારામાં કુલીન પણાના સર્વ ગુણો સ્વતઃ આવ્યા છે. તને વધારે કહેવું પડે તેમ નથી. તે સંબંધી વિશેષ ચિંતા કરીશ નહીં. તારા પિતાએ કરેલી પ્રતિજ્ઞા કષ્ઠ સાધ્ય છે. તારા પૂર્વના પુણ્યજ તે પ્રતિજ્ઞા પૂરી કરશે. સદ્‌ગુણી સુતા, હવે ધીરજ રાખજે. તારા પિતાના પ્રખ્યાત કુલને શોભે તેવા સુવિચાર કરજે. તારી કન્યાવયની સ્થિતિ બદલાતી જાય છે. યૌવનવયના મલિન વિકારો તારીપર ડોકીયાં માર્યા કરેછે. હો તારે નિરંતર સાવચેતી રાખવાની આવશ્યકતા છે. જે વિષયી પુરૂષો તારા ઉપર મલિન વૃત્તિ કરી મોહપાશમાં તને ફસાવવા લલચાવે તેઓના તરફ તું દ્રષ્ટિપાત પણ કરીશ નહી.

પ્રિય પુત્રી, તારી આગલ વિશેષ કહેતા લજ્જા આવે છે પણ ટુંકામાં એટલુંજ કહેવાનું કે શ્રાવકની કુલીન કન્યાઓ જગતમાં નિષ્કલંક ગણાય છે, શ્રાવક બાલિકા વિષય વિકારથી પરાભવ પામતી નથી. વીરધર્મની શૂરવીર બાલાઓ જન્મથીજ સતીત્વની મુદ્રા લઇ અવતરે છે. એ વાત સર્વદા ધ્યાનમાં રાખજે. હવે અલ્પ સમયમાંજ તારી ચિંતા નિર્વાણ પામી જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતાના આવા નીતિ ધર્મ ગર્ભક વચન સાંભળી જરા શરમાતી રૂષિદત્તા અધો મુખ કરી બોલી—માજી, આપે કહેલા વચન મારા હૃદયને શિક્ષારૂપ થયા છે. તમારા જેવી શિક્ષિત માતાઓથી શ્રાવક સંતાનનો સાંસારિક અને ધાર્મિક ઉદય થાય છે. તમારા જેવી જનનીની આજ્ઞામાં વર્ત્તનારી શ્રાવક બાલાઓ સદાચારના સન્માર્ગે સુખે પ્રવર્ત્તે છે. પૂર્વ પુણ્યના પ્રભાવે મારે તેવી માતાનો યોગ થયો, તેથી હું મારા પુત્રીરૂપ અધમ જન્મને પણ કૃતાર્થ માનુંછું. દયાળુ માતા, મારી ચિંતા જોઇ આપ ચિંતા કરશો નહીં. તારૂણ્ય વયનો સમારંભ મારા હૃદયમાં અનેક તરંગ ઉપજાવે છે. પણ છેવટે જૈન-ધર્મના પ્રભાવે તેનો પરાભવ કરવા હું સમર્થ થાઉંછું. માતા, કોઇ જાતની શંકા રાખશો નહીં. તમારી આજ્ઞાધીન પુત્રી શ્રાવક કુલને કલંકિત કરશે નહીં. જૈન બાલાઓની પ્રવૃત્તિમાં કુમાર્ગની શિક્ષા મલતી નથી. તમે જે શિક્ષણ આપ્યું છે, તે મારી મનોવૃત્તિમાં નિ-વાસ કરી રહ્યું છે. પ્રતિદિન પ્રતિક્રમણની ક્રિયા મારી કુવાસના દગ્ધ કરી નાખે છે. સતીઓની સઝાય વાંચતાં મને રોમોદ્ગમ થઇ આવે છે પૂર્વ શ્રાવિકાઓના ચરિત્ર વાંચી વાંચી મારૂં ચિત્ત ચપલ-તાથી દૂર રહેછે. માતા, હું સમજું છું કે શ્રાવિકાઓનો શૃંગાર ધર્મ છે. ચૈત્યવંદનની ક્રિયા તેનું પરમ સૌંદર્ય છે. જૈનના વ્રત, દાન, ધ્યાન અને આચાર શ્રાવિકાની પરમ શોભાને વધારનારા છે.

માજી, મારા પિતાએ જે પ્રતિજ્ઞા લીધી છે તે મારે સર્વ રીતે માન્ય છે. શ્રાવકની કન્યા શ્રાવકનીજ કુલવધૂ થવાને યોગ્ય છે. કદિ યાવજ્જીવિત કુમારી રહે તોપણ શ્રાવક પિતાએ પોતાની પુત્રી મિથ્યાત્વી પતિને આપવી નહીં. માતા, મારા તરફથી ચિંતા રાખશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં. તેમ મારા પિતાને પણ ચિંતાનું કારણ થશે નહીં. દરેક પ્રાણી કર્માધીન છે. ગમે તેટલી ચિંતા કરે, ગમે તેટલાં સાધન સંપાદન કરે અને ગમે તેટલો મહા પ્રયાસ કરે પણ તેનું શુભાશુભ ફલ કર્મની ગહન રેખા ઊપર રહેલું છે. કર્મની મહાજાલ વજ્રમય શ્રૃંખલાની જેમ અભેદ્ય છે. કૃપાલુ જનની, મારા વચન ઊપર પ્રતીતિ રાખજો. હું મારા સદ્વૃત્તને કલંકિત કરીશ નહીં. કદિ સંસારની મોહાત્મક સ્થિતિમાં અનેક વિકારી વિચારો ઉદ્ભવે, કદિ મોહના અપ્રતિહત અસ્ત્રો મારા અંતરંગને વીંધવા આવે અને કદિ વિશ્વની પ્રપંચ જાલ મારા સદ્ વિચારને ફેરવવા મથે, તથાપિ છેવટે હુ તે સર્વની ઊપર વિજય મેળવવા તત્પર થઈશ. જ્યાંસુધી પૂર્વનું પુણ્ય પ્રબલ છે, જ્યાં સુધી મેં શ્રાવક ધર્મની ધુરા ધારણ કરી છે ત્યાં સુધી આ તમારી પુત્રી કોઇ જાતની નિંદાનું પાત્ર થશે નહીં. એ નિઃસંશય જાણજો.

રૂષિદત્તાના આવા વચન સાંભળી વીરમતી સાનંદાશ્ચર્ય પામી ગઇ. પુત્રીના સદ્વૃત્ત વિષેની શંકા તદ્દન પરાસ્ત થઈ ગઈ. આનંદમાં મગ્ન થતી તે પ્રૌઢ શ્રાવિકા સ્મિત કરતી બોલી—પ્રિય સુતા, તારા વચનામૃતથી મારૂં હૃદય તૃપ્ત થઇ ગયું છે. તારા જેવી પુત્રીઓથી શ્રાવકમાતા ખરેખરી કૃતાર્થ થાય છે. સદ્ગુણી પુત્રીઓના પ્રભાવથી તેમની માતાઓ કુલદેવીની જેમ પૂજાય છે અને સ્તવાય છે. તારા જેવી સતીઓના જનક અને જનની માનવમંડલમાં મોટું માન મેલવે છે. પુત્રી, તારા વિચાર તારી સદ્વૃત્તિ તારી ધાર્મિક શિક્ષા જાણી મને અપાર આનંદ ઉપજે છે. હવે હું નિશ્ચિંત થઇછું. મારા મુખથી આ વૃત્તાંત જાણી તારા પિતા સંતુષ્ટ થશે. તેમની પવિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિજ્ઞાને મોટું અવલંબન મલશે. આટલું કહી વીરમતી રૂષિદત્તા ને લઇ ચંદ્રશાલામાંથી નીચે આવી. માતા અને પુત્રી પોતપોતાના નિત્ય કાર્યમાં પ્રવૃત્ત થયા.

## પ્રકરણ ૨ જું

### રૂદ્રદત્તની મોહદશા.

પ્રાતઃકાલનો સમય છે. તરણિના કીરણો અનુક્રમે ઊગ્રતેજ કરતા જાય છે. નાગરિક લોકો પ્રવૃત્તિના વિવિધ માર્ગને સેવવા ઊધુક્ત થતાં જાય છે. સંપ્રતિ રાજાના દરબારમાં પ્રભાતના દુંદુભિ વાગે છે. ભૈરવીના મધુર સ્વરથી બધું શેહેર સંગીત મય બને છે. આ સમયે એક તરૂણ પુરૂષ ગોખમાં બેઠો બેઠો વ્યાપારના વિવિધ વિચારો કરતો હતો. જ્યાં તે રહ્યો હતો ત્યાં તેનું પૂર્ણ રીતે આતિથ્ય થતું હતું. વ્યાપારકલા અને કપટકલાનો તે મહા પંડિત હતો. તેનામાં સર્વ જાતની પ્રૌઢતા ખીલતી હતી., તથાપિ તેની વિશાલ બુદ્ધિમાં મલિનતાના અંકુરો રહ્યા હતા. રૌદ્રધ્યાન અને આર્ત્તધ્યાનનો તે પૂર્ણ અભ્યાસી હતો. મિથ્યાત્વના મલિન સંસ્કારોથી તે પૂર્ણ રીતે વ્યાપ્ત હતો.

વાંચનાર, અધીરા થશો નહીં—એ પુરૂષનું દુશ્ચરિત્ર તમારી દ્રષ્ટિ આગળ હમણાજ ખડું થશે એ પુરૂષનું નામ રૂદ્રદત્ત હતું. તે ચંદ્રનગરનો રહેવાસી વણિક હતો, વ્યાપાર અર્થે આ વર્દ્ધમાન-નગરમાં આવ્યો છે, લક્ષ્મીના મોટા વિલાસમાં મત્ત બની રહ્યો છે. જે શેરીમાં રુષભદત્તાનું ઘર છે તેજ શેરીમાં કુબેરદત્તને ઘેર તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતિથિ થઈ રહ્યો છે. કુબેરદત્ત તેનો મિથ્યાત્વી મિત્ર હતો. અનેક સ્વાર્થસિદ્ધ કરવાને કુબેરદત્ત તેનું પૂર્ણ આતિથ્ય કરતો હતો. આ વખતે રુષિદત્તા પોતાની માતા વીરમતી સહિત ચંદ્રશાલામાંથી ઊતરી પોતાની સખીઓ સાથે જિનાલયમાં દર્શન કરવા જતી હતી. નવરંગિત પવિત્ર વસ્ત્રો ધારણ કરી એ મનોહર મુગ્ધા જયાં રૂદ્રદત્ત બેઠો હતો ત્યાંથી પ્રસાર થઇ. તે શ્રાવક બાલિકાનું સ્વાભાવિક સૌંદર્ય રૂદ્રદત્તની વિષયમય દ્રષ્ટિએ જોવામાં આવ્યું. તે જોતાંજ એ દુર્બુદ્ધિ મિથ્યાત્વી મોહવશ થઇ ગયો. નિર્દોષ શ્રાવક બાલા ઊપર તેણે દોષ દ્રષ્ટિ આરોપણ કરી. અહા ? મોહરાજની કેવી અગાધ શક્તિ ? અપૂર્ણ.

# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્તા.

( પૂર્વ અંકના પૃષ્ઠ ૩૦ થી ચાલુ. )

યતનાની દ્રષ્ટિ વિમલા ઊપર પડતાંજ તે અતિ શોકાકુલ થઇ ગઇ. આવી નવ યૌવના સુંદરી પતિના વિયોગે સુખચેનમાં કેવી-રીતે પોતાના ઘરમાં રહેશે એ વાત સ્મરણમાં આવતાંજ તેના નેત્ર-માંથી અશ્રુધારા ચાલવા લાગી. જરાવાર તે સ્તબ્ધ થઇ ગઈ. પુત્ર વધૂને શું કહેવું તે વિચારમાં પડી. વિમલા. પણ પોતાની સાસુની દુઃખી સ્થિતિ જોઇ વિશેષ દુઃખી થઇ. બંને સાસુ વધૂ એક બીજાની સામુ જોઇ સ્તબ્ધ થઈ રહ્યા, છેવટે યતનાએ ગદ્ગદ્ સ્વરે કહ્યું, બેટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિમલા, વિશેષ શોક કરશો નહીં. હજું આપણે નિરાશ થવાનું કારણ નથી. તમારો સૌભાગ્ય સૂર્ય હજુ ઝાંખો પડયો નથી. કદિ પ્રબલ પુણ્ય હશે તો ચિંતામણિ પાછો તમને પ્રાપ્ત થશે. દૈવની ગતિ વિચિત્ર છે.

વિમલા ધાર્મિક ધૈર્ય દર્શાવતી બોલી—પૂજ્ય માતા, મારી ચિંતા કરશો નહીં. જિન ધર્મના પસાયથી મારી ભોગ વિલાસની ઇચ્છા શાંત થઈ છે. મારી મનોવૃત્તિમાં ધાર્મિક સદ્ વિચારો ઉદ્ભવ્યા કરે છે. તમારો પુત્ર ભલે આત્મ સાધન કરે. ભલે નિર્મલ ચારિત્ર પાળી આત્માને શાંતિ આપે. હવે મારી વાસના સાંસારિક ભાવથી મુક્ત થતી જાય છે. મારા મનમાં જે ચિંતા છે તે આપ પૂજ્ય તરફની છે. તમારૂં પુત્ર વાત્સલ્ય પ્રબલ છે. સંસારની મોહાત્મક સરિતાના ચપળ તરંગમાં તમે અથડાઓ છો. જો કે હું તદન મોહની વિજેત્રી બની નથી. મારી વૃત્તિમાં નિર્મોહ દશા પૂર્ણ રીતે પ્રગટી નથી, તથાપિ આર્હત ધર્મના પ્રભાવથી મારૂં મનોબલ મોહના પ્રબલને સહન કરવા સમર્થ થયું છે. પૂજ્ય જનની, તમે પણ એ દશાના સાધક થાઓ, પુત્રના પ્રેમનો ગ્રંથિ શિથિલ કરી નાખો. આ પત્તિ વખતે શ્રી ધર્મની સહાય લેવી એ શ્રાવિકાનો ધર્મ છે. આપણે શ્રાવક છીએ. આર્હત ધર્મના ઉપાસક છીએ. ચારિત્ર ધર્મનો મહિમા આપણે જાણીએ છીએ. ચારિત્રની સેવા પૂર્વના સેંકડો પુણ્ય હોય ત્યારે સંપાદન થાય છે. સર્વ વિરતિ ધર્મના પ્રભાવથી વિશ્વમાં ધાર્મિક સ્થિતિ ટકી રહી છે. માયાળુ માતા, વધારે શું કહેવું. હું એક પામર સ્ત્રી છું. ધર્મના ઊંડા તત્વથી વિમુખ છું. આપ વડિલ જનની આગળ ઉપદેશિકા થવા યોગ્ય નથી. તમારા ચરણ રજની ઉપાસક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેવાનોજ મારો અધિકાર છે. તમે મારા ધર્મના માતા પિતાછો. તમારા સુખે સુખી અને દુઃખે દુઃખી થવું એ મારી ફરજ છે. સુજ્ઞજનને વધારે શું કહેવું.

યતના અને વિમલા બંને આમ વાર્ત્તાલાપ કરતા હતા. ત્યાં નીચેથી એક સેવકે આવી ઉંચે સ્વરે કહ્યું કે, દેરાસરમાં સ્નાન જલ તથા પૂજન સામગ્રી તૈયાર છે. આ સાંભળી યતના નીચે આવી પોતાના સ્વામીને સ્નાન પૂજા કરવા વિનંતિ કરી જણાવ્યું સ્વામીનાથ, હવે સ્નાન પૂજનમાં સાવધાન થાઓ. સદ્‌વિચારણરૂપ સૂર્યથી શોકનું ગાઢ અંધકાર દૂર કરો. મારા શોકજાલને વિમલાએ પોતાના સદ્‌બોધક વચનાસ્ત્રથી ભેદી નાંખ્યું છે. આપણી કુલ વધૂ ખરેખરી કુલદીપિકા છે. જેનેમાટે આપણને અપાર કરૂણા આવતી હતી, જેના તારૂણ્યના તેજનો આપણને ભય હતો, તે વિમલા તરફની ચિંતા હવે તદન દૂર થઇ છે. પુત્ર ચિંતામણિનો વિયોગ સહન કરવા એ કુલ બાલા આપણાથી વધારે બલવતી છે. પ્રાણેશ, તે સંબંધી ચિંતા કરશો નહીં. હવે આપણે બદ્ધપરિકર થઈ આર્હત ધર્મની ઢાલ બાંધી પુત્ર મોહરૂપ રિપુની સામે યુદ્ધ કરવાનું છે. જાઓ સ્નાન કરી પ્રભુની પૂજા કરો. સાંસારિક ક્રિયાની જાલમાં ફસાઇ ધર્મ ક્રિયાને ધક્કો આપવો એ શ્રાવકના આચારથી વિરૂદ્ધ છે. ઇષ્ટની ઉપાસના આપણી આપત્તિને દૂર કરશે, જેને આપણે આપત્તિ માનીએ છીએ, તે ચિંતામણિની આત્મ સાધક સંપત્તિ છે. જો પુત્રનું ભોગ્ય યોગ્ય કર્મ અવશિષ્ટ હશે, સંસારના મહા મોહરૂપ ગિરિના શિખર ઉપર પાછું ચડવાનું જો તેના કર્મથી નિર્મિત હશે તો આપણો ચિંતામણિ ગૃહાવાસમાં પાછો આવશે. વિમલાના સાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારિક સુખને સંપાદન કરાવશે અને આપણી મોહમય જ્વાલાને બુઝાવી દેશે.

આવા યતનાના ધાર્મિક વચન સાંભળી અમૃતચંદ્રશેઠ આર્દ્ર થઇ ગયા. તેનામાં સનાતન ધર્મની વાસના જાગ્રત થઇ આવી. ક્ષણવાર મોહ અને સદ્બોધ વચ્ચે યુદ્ધ ચાલ્યું. મોહનો આવેશ થતાં પાછું ચિંતામણિનું સ્મરણ થઈ આવતું અને સદબોધનો આવેશ થાતાં પાછી નિર્મલ વૃત્તિ સજ્જ થતી હતી. છેવટે સદ્બોધનો વિજય થયો. તત્કાલ સ્નાન પૂજા કરવાને તત્પર થયા. શ્રાવકપણાના ઉત્કૃષ્ટ પરિણામ સતેજ થઈ ગયા. આથી શેઠ અમૃતચંદ્ર તે સેવકને સાથે લઈ જિનાલય તરફ ચાલતા થયા. શેઠને જોઇ વલ્લભીપુરના રાજમાર્ગમાં લોકો અનેક વાર્તાલાપ ચલાવતા હતા.

## પ્રકરણ ૪ થું.

संसार पंक मग्नाना मुद्धारण विधायिनी ।
चारित्र धर्मजननी जायिनी गुरुदेशना ॥ १ ॥

# મહામુનિ વિમલવિજયની દેશના.

દેહેરે સ્નાન કરી પવિત્ર ભાવનાથી પ્રભુની પૂજા કરી અમૃતચંદ્રશેઠ ઉપાશ્રયની વ્યાખ્યાનશાલામાં આવ્યા. વલ્લભીપુરના શ્રાવકો અને શ્રાવિકાથી વ્યાખ્યાનશાલા ચીકાર ભરાઇ રહી હતી. ગુરૂ વિમલવિજયના મુખચંદ્રમાંથી દેશનામૃત સાંભલવા શ્રાવકવૃંદ સાવધાન થઇ બેઠું હતુ. પ્રત્યેકના મુખ ઉપર ગુરૂ ભક્તિના શાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિરણો પ્રકાશી રહ્યા હતા. ગુરૂવર્ય વક્ત્રાસન ઊપર આવી વિરાજિત થયા કે તરત અમૃતચંદ્રશેઠ વ્યાખ્યાનશાલામાં દાખલ થયા. તેમને જોતાંજ લોકો ચિંતામણિનીજ ચર્ચા કરવા લાગ્યા. કોઈએ ધાર્યું કે શેઠ મહારાજશ્રીને ચિંતામણિના અકસ્માત્ ગમન સંબંધી માહિતગારી માટે ખુલાસો કરવા આવ્યા છે. કોઇએ જાણ્યું કે, ચિંતામણિને સંકેતથી દીક્ષા લેવાને આપનાર કોઇ જૈન મુનિ છે એવી ધારણા કરી શેઠ ગુરૂને નમ્ર ભાવે પુછવાના છે. આ પ્રમાણે લોકો અનેક તર્ક વિતર્ક કરવા લાગ્યા. શેઠઅમૃતચંદ્ર ગુરૂશ્રીને ભાવથી વંદના કરી આગલ બેઠા. ચિંતામણિ સંબંધી કાંઈ પણ પ્રશ્ન કર્યો નહીં. શેઠની આવી ગુરૂતરફ પવિત્રભક્તિ જોઈ અન્યશ્રોતાઓ સાનંદાશ્ચર્ય પામી ગયા. ક્ષણવારે ગુરૂશ્રીએ પુછયું, શેઠજી, ચિંતામણિ વિષે શું વાર્ત્તા ચાલે છે.? અમૃતચંદ્રે વિનીત થઈ કહ્યું, કૃપાનિધાન! તે વિષે કાંઈ નિર્ણય થતો નથી. સાંભલવા પ્રમાણે ચારિત્ર લેવાની ઇચ્છાથી તે નાશી ગયો છે. તે આ રત્ન લઇ આત્મસાધન કરે તેથી હું ખુશી છું. પણ મારી સંપત્તિનો અને યુવાન કુલ વધૂનો આધાર તે એકજ છે. અમારી ભવિષ્યની સુખમય સ્થિતિનું અવલંબન તેના ઊપરજ છે. હવે મારો પ્રવેશ પશ્ચિમ વયમાં થતો જાય છે. તેમ મારી સ્ત્રીનું પુત્ર વાત્સલ્ય અપાર છે.—આવા કેટલાએક કારણ જોતાં ચિંતામણિ જેવા પુત્રની મારા ગૃહાવાસમાં રહેવાની જરૂર છે. ગુરૂવર્ય, પ્રથમ તો મારી મનોવૃત્તિમાં મોહ રાજાએ મોટો ધ્રુજારો કર્યો હતો. પણ મારી પુત્રવધૂ વિમલાના સદ્વિચારથી કેટલેક અંશે મેં મોહરાજને હઠાવ્યો છે. એ કુલવધૂએ મને અધઃપાતમાંથી બચાવ્યો છે. હવે આપના મુખમાંથી સદ્બોધકદેશના સાંભલવાની ઇચ્છા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપની ઉત્તમ દેશના અમૃતધારાની જેમ મારા હૃદયને શાંત કરશે. મારૂં ઉપાધિ ગ્રસ્ત હૃદય આપનું સુખદાયક શરણ લઈ નિર્મલતા સંપાદન કરશે. વિપત્તિમાંથી બચાવનાર જ્ઞાનસંપત્તિ છે અને તે સંપત્તિના આપ સંપૂર્ણનિધિ છો.

અપૂર્ણ.

# "જૈન કોન્ફરન્સનું શુદ્ધ કર્ત્તવ્ય શું છે."

## તે વિષે સ્વપ્ન વૃત્તાંત.

( ગત અંકના પૃષ્ટ ૩૯ થી રૂ.)

ભદ્ર, જૈન કોન્ફરન્સની ચિરકાલ સ્થિરતાનું જે પ્રથમ સૂત્ર કહ્યું તેવું બીજું સૂત્ર તેમાં પ્રસાર થયેલા નિયમોનું પ્રવર્ત્તન કરવાને લગતું છે. તે સૂત્ર આ પ્રમાણે છે.—"**सामाजिक संमतनियम प्रवर्त्तने सतत प्रयासः**" "કોન્ફરન્સના સમાજે જે ઠરાવો પ્રસાર કર્યા હોય તેનું પ્રવર્તન કરવાને પ્રયાસ કરવો." પ્રતિવર્ષ કોન્ફરન્સ જે ઠરાવ પ્રસાર કરે તે બરાબર સર્વ સ્થલે અમલમાં આવે છે અથવા અમલમાં લાવવાની કોશીસ થાય છે કે નહીં ? તે બરાબર જોવાનું છે. ભારત વર્ષના જૈન સમાજે એક મતે પ્રસાર કરેલા ઠરાવો જો પ્રવર્ત્તનમાં આવે નહીં તો પછી કોન્ફરન્સનું શું માહાત્મ્ય ? કોન્ફરન્સનું ગૌરવ, તેની મહત્તા, અને તેનું કર્ત્તવ્ય પોતે કરેલા નિયમોના પ્રવર્ત્તન ઉપર આધાર રાખે છે. પ્રતિવર્ષે કોન્ફરન્સ નવા નવા નિયમો પ્રસાર કરે પણ જૈનોના સ્થાનિક સંઘમાં તે જ્યાં સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવર્ત્તે નહીં ત્યાં સુધી કોન્ફરન્સનું કર્ત્તવ્ય અપૂર્ણ છે એમ જાણવું. જ્યાર તે નિયમોનું પ્રવર્ત્તન થોડે ઘણે અંશે પણ જૈન વર્ગમાં જોવામાં આવે ત્યારે સમજવું કે, કોન્ફરન્સે પોતાનું કર્ત્તવ્ય અમલમાં લાવવા સારૂ કરેલી ધારણા કોઇ વખતે સર્વાંશે પાર પડશે. જેમ કોઇ શ્રાવક સંઘના ઠરાવની વિરૂદ્ધ કાંઇપણ કાર્ય કરે તો તે સંઘના ઉપાલંભને અથવા શિક્ષાને પાત્ર થાય છે. તેમ કોન્ફરન્સના નિયમોનું પ્રવર્તન ભારતવર્ષના જે સ્થાનિક સંઘમાં આવે નહીં તે સ્થાનિક સંઘપ્રત્યે કોન્ફરન્સ પોતાની દીલગીરી જાહેર કરે અને તે સંબંધી ચાંપતા ઉપાય લેવા પ્રવૃત્તિ કરે તોજ કોન્સફરન્સનું કર્ત્તવ્ય પરિપૂર્ણ થયેલું ગણાશે. પ્રત્યેક વર્ષે જે જે નિયમો ઘડાઈ સર્વાનુમતે પ્રસાર થાય. તે તે નિયમોના પ્રવર્તન માટે પ્રત્યેક સ્થાનિક સંઘના વાર્ષિક રીપોર્ટ કોન્ફરન્સમાં આવવા જોઇએ. એવો બરાબર નિયમ રહેશે ત્યારે કોન્ફરન્સ પોતાના અભ્યુદયમા આગલ વધશે. એ આ બીજા સૂત્રનો ઉદ્દેશ છે.

ભદ્ર, તે પછી ત્રીજું સૂત્ર ઐક્યપણું દ્રઢ કરવાનું છે. તે સૂત્ર આ પ્રમાણે છે-" **ऐक्यं समाजस्याभ्युदये हेतुः** " "સમાજની આબાદીનો હેતુ એકતા છે." જ્યાંસુધી સમાજના સર્વ અંગભૂત પ્રતિનિધિઓની એકતા ન હોય ત્યાંસુધી સમાજનો અભ્યુદય થતો નથી. ભારતવર્ષમાં કેટલોક સમય થયા સર્વ સ્થળે ઐકયતાનો ગુણ નાબુદ જેવો થઇ ગયો છે માત્ર ઐકયતાનો આભાસ દેખાય છે. તેને લીધેજ ધર્મના વિવિધ માર્ગો ભિન્નભિન્ન થવા પામ્યા છે. તે અવગુણ દૂર કરી જો ઐકયતાનો ગુણ જૈન પ્રજા સંપાદન કરે તો જૈન કોન્ફરન્સ પોતાનું શુદ્ધ કર્ત્તવ્ય સારીરીતે બજાવી શકે. અહિં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂલ દ્રષ્ટિએ જોતાં આપણને ઐકયતા લાગેછે પણ તે કેવલ બાહ્યની ઐકયતા છે— અંતરની એકતા ઘણે થોડે અંશેછે. અંતરની એકતા નથી એમ જો જાણવું હોયતો ઘણાંજ સ્થાનિક સંઘની અંદર કોન્ફરન્સમાં જવા પક્ષ વિપક્ષ થયા કરે છે. કેટલાએક જૈનાભાસ શેઠીઆઓ આ મહાસમાજની વિરૂદ્ધ પોતાની દુશ્ચેષ્ટા દર્શાવે છે. તેથી જ્યાંસુધી અંતરની એકતા નથી ત્યાંસુધી કોન્ફરન્સનો અભ્યુદય ઘણે દૂર છે એ આ ત્રીજા સૂત્રનો ઉદ્દેશ છે.

શ્રાવકવર્ય, તે પછી ચોથું સૂત્ર જૈન મુનિઓની કોન્ફરન્સ પ્રત્યેની અનુકૂલતાને લગતું છે. તે આ પ્રમાણે છે—"**श्री गुरुवर्गानुकूल्यं समाजोन्नते र्हेतुः** " " શ્રીગુરૂ—ધર્મગુરૂના વર્ગની અનુકૂલતા એ સમાજની ઉન્નતિનો હેતુ છે." ભારતવર્ષના આર્હત ધર્મનું અવલંબન મુનિવર્ગ છે. તેઓના ઉપદેશમાંજ કોન્ફરન્સનો વિજય અરૂણોદય સમાનછે. જ્યારે આપણા મુનિઓ બદ્ધ પરિકર થઇ પોતાની સામાજિક ઉન્નતિ સંબંધી દેશના રૂપ સુધાની વૃષ્ટિ કરી ભારતના શ્રદ્ધાળુ શ્રાવકોને તેમાં મંગલ સ્નાન કરાવશે ત્યારે આ વિજયી કોન્ફરન્સ પોતાનું વિજયવાદ્ય ભારતના વિશાલ ક્ષેત્રમાં વગાડશે. સામાજિક બલની વૃદ્ધિ કરવામાં લક્ષ્મીબલ કરતાં મુનિ મહારાજાઓનું ઉપદેશ બલ વધારે કાર્ય સાધક છે ભદ્ર, તેથી આ ચોથા સુત્રનો ઉદ્દેશ સિદ્ધ કરવા વિહારશીલ મુનિઓને કોન્ફરન્સ તરફ પ્રાર્થના કરવી. જૈનકોન્ફરન્સનો ઉદય એ ધાર્મીક ઉદય છે એમ જાણનારા ઉપકારી મુનિઓ મોટા હર્ષની સાથે એ ઉપદેશ કાર્યનો ભાર વહન કરશે.

આ પ્રમાણે ચાર સૂત્રનું વિવરણ કરી તે જૈન કોન્ફરન્સનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ ભક્ત દેવતાની જેમ અંતરીક્ષમાં ચાલ્યો ગયો અને તે વૃત્તાંતમાં તલ્લીન બનેલ મારી સ્વપ્નાવસ્થા વિદ્યુત્‌ની જેમ ચાલી ગઈ.

# વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

( ગત અંક ૧ લાના પૃષ્ટ ૨૧ થી ચાલુ. )

એક દિવસે પ્રાતઃકાલે પ્રતિક્રમણની ક્રિયા સમાપ્ત થયા પછી નિત્યના નિયમ પ્રમાણે સૂરિવર્યના શિષ્યો નવીન પ્રશ્ન પુછવા માટે વિચાર કરવા લાગ્યા કે, આજે કેવા પ્રશ્ન કરવા ? તેઓમાંથી એક વિદ્વાન્ મુનિ બોલ્યા કે, આજે મારા એકજ હૃદયમાં ચાર પ્રશ્નો ઉદ્દ્ભવ્યા છે જો આપ સર્વ મંડલ સંમત થાઓ તો તે પ્રશ્નનો ગંભીરાર્થ આપણે ગુરૂ પાસેથી જાણી લઈએ. સર્વ શિષ્યોએ સંમતી આપી એટલે તે મુનિએ કહ્યું; આ સંસારમાં સર્વથી ગહન વસ્તુ શું છે ? ચતુર પુરૂષ કોણ કહેવાય ? દારિદ્ર કોનું નામ ? અને લઘુતા શેમાં છે ? આ ચાર પ્રશ્નો જાણવા યોગ્ય છે. ગહન વસ્તુ જાણવાથી આપણે ચારિત્રની રક્ષામાં તેથી સંભાળ રાખવાની ચેતવણી મલશે. ખરો ચતુર પુરૂષ ઓલખવાથી આપણે તેવું ચાતુર્ય મેલવવા પ્રયત્ન કરીશુ. દારિદ્રનો અર્થ નિર્ધનતા કહેવાય છે પણ જો કોઈ બીજો ગંભીર અર્થ જાણવામાં આવશે તો આપણને પરમ લાભ થશે. લઘુતાનું ખરૂં સ્વરૂપ જાણવાથી આપણે મહત્તાનું સ્વરૂપ સ્હેલાઇથી જાણી શકીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પંડિત મુનિના આ ચાર પ્રશ્નને સંમતિ આપી તે સર્વ શિષ્યો ગુરૂમહારાજની સમક્ષ આવ્યા. તેમણે અંજલિ જોડી આ પ્રમાણે પ્રથમ પ્રશ્ન કર્યો–" किं गहनं " " જગતમાં ગહન વસ્તુ શી છે ? " સૂરિશ્રીએ સત્વર કહ્યું કે, " **स्त्रीचरितं** " " સ્ત્રીઓનું ચરિત્ર ગહન વસ્તુ છે. " તે સાંભળતાંજ શિષ્યો વિસ્મય પામી ગયા. તત્કાલ બીજો પ્રશ્ન કર્યો–"कश्चतुरः" " ચતુર પુરૂષ કોણ?" મુનીશ્વરે સદ્ય ઉત્તર આપ્યો કે " **यो न खंडितस्तेन** " જે સ્ત્રીના ચરિત્રથી ખંડિત થતો નથી તેજ પુરૂષ ચતુર છે. " પૂર્વના પ્રશ્નોત્તરને લગતો આવો અસરકારક ઉત્તર સાંભળી યુવાન મુનિઓએ સાનંદાશ્ચર્ય પામી ત્રીજો પ્રશ્ન કર્યો–" **किं दारिद्यं** " "દારિદ્ર કોનું નામ ? " મુનિશિરોમણિ ક્ષણવાર વિચારી બોલ્યા–" **असंतोष एव** " " સંતોષ રાખવો નહીં એજ દારિદ્ર છે. " ધર્મ તથા વ્યવહાર નીતિને અનુસરતો આ ઉત્તર સાંભળી શિષ્ય પ્રમોદથી પરિપૂર્ણ થઇ ગયા. તે કાલેજ તેમણે ચોથો પ્રશ્ન કર્યો " **किं लाघवं** " " લઘુતા શેમાં છે ? " પંડિત શિરોમણિ સૂરિશ્વરે કહ્યું "**याञ्चा**" " યાચના કરવાથી લઘુતા થાય છે. " તે સદ્બોધક અને ગૌરવતાના ગુણને વધારનાર પ્રશ્નોત્તર સાંભળી સદગુણાભ્યાસી શિષ્ય સમુદાય અપાર આનંદને પ્રાપ્ત થયો.

અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યવહાર શુદ્ધિ.

( અનુસંધાન ગતાંક પાને ૪૨ થી )

ગૃહસ્થ ધર્મ અને શ્રમણ ધર્મની વ્યવહાર શુદ્ધિ ભિન્ન ભિન્ન પ્રકારની છે. તેમાં પ્રથમ ગૃહસ્થ ધર્મની વ્યવહાર શુદ્ધિ કેવીરીતે થઇ શકે તે સંબંધી વિચાર ચલાવીએ. ગૃહસ્થ ધર્મ બે પ્રકારનો છે. ૧ સામાન્ય સ્વરૂપથી, ૨ વિશેષ સ્વરુપથી. જ્યાં સુધી આ બંને પ્રકારનો ધર્મ શાસ્ત્ર મર્યાદા યુક્ત પ્રતિપાલન કરવાને આદર કરે નહીં અને શાસ્ત્રથી વિપરિતપણે આદર કરી ધર્માભાસી છતાં પોતાનામાં ધર્મીપણાની માન્યતા રાખે ત્યાંસુધી લાભને બદલે નિરંતર હાનિ પ્રાપ્ત કરનારી તેની ભાગ્ય દશા નિવડે. વર્તમાન કાલમાં શ્રાવક તરીકે બોલાતાં જૈનોનો મોટો ભાગ આ પ્રકારના વર્ગમાં આવતો હોય એમ દેખાય છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિ મહારાજે **શ્રીધર્મબિંદુ** નામના ગ્રંથમાં કહ્યું છે કે—

**“ न्यायोपात्तं हि वित्तं उभयलोकहितायेत्ति ”**

ન્યાયથી ઉપાર્જન કરેલું ધન આ લોક અને પરલોકમાં હિતકારી થાય છે. આ સુત્ર વ્યવહાર શુદ્ધિનું અર્થાત ગૃહસ્થધર્મની વ્યવહાર્ શુદ્ધિનું મુખ્ય સુત્ર છે. માર્ગાનુસારીના પાંત્રીશ બોલમાં પણ પ્રથમનો બોલ આ સુત્રના સાર રૂપજ છે. આ સુત્રને અંતઃકરણમાં મનન કરતાં ગૃહસ્થ ધર્માનુયાયી પ્રત્યેક આત્માને પોતાની દ્રવ્ય ઉપાર્જન કરવા સંબંધી જામેલી પ્રકૃતિ તથા પ્રવૃતિનો ખાસ નિશ્ચય થઈ શકશે. પોતે આરંભના કાર્યો કરતાં છતાં ન્યાય નીતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વક ધન ઉપાર્જન કરે છે કે નહીં તે સંબંધી લેશ માત્ર વિચાર નહીં કરતાં નીતિ અનીતિ યુક્ત ધન સંપાદન કરી કેટલાએક ધર્મના અનુષ્ઠાનોનું સેવન કરી પોતે ધર્મી છે એવું માની તથા બીજા પાસે મનાવી તેમજ પોતાના કાર્યોનું જ બીજાઓ અનુમોદન કરે—અનુકરણ કરે એવી ઇચ્છા રાખી મહત્ પુણ્ય ઉપાર્જન કરવાની જે આકાંક્ષા રાખે છે તે મૂળમાં સડાવાળા પાયા ઉપર મકાન ચણી દીર્ઘકાળસુધી તેમાં શાંતિપૂર્વક સુખવિલાસ તથા નિવાસ કરનારના જેવો દીર્ઘદર્શી સમજવો. એવા પણ મનુષ્યો જગતમાં અનુભવમાં આવે છે કે પોતે નિરંતર શાસ્ત્ર શ્રવણ કરતા હોય, શાસ્ત્રનો અભ્યાસ પણ કરતા હોય, બીજાઓને શાસ્ત્રાનુસાર ઉત્તમ પ્રકારે સ્થિતિ કે ગતિ કેમ પ્રાપ્ત થાય તે સંબંધી ઉપદેશ વા બોધ પણ આપતા હોય પરંતુ આ સૂત્રના ભાવને અનુસરતો પ્રસંગ આવે અર્થાત્ દ્રવ્ય ઉપાર્જન કરવાના પ્રસંગમાં લાલચનો પ્રસંગ આવે તેવે સમયે ન્યાય કે નીતિ શું છે તે સંબંધી લેશમાત્ર વિચાર કરવાનો અવકાશ પણ લેતા નથી. શું જગદ્ગુરૂ મહાવીરના લઘુનંદન શ્રાવક બચ્ચાંઓ આ આત્માની ઐહિક વા આમુષ્મિક સિદ્ધિ, રીદ્ધિ કે વૃદ્ધિનો મૂળ આધાર—મૂળ બીજક ન્યાય—નીતિ પૂર્વક ધન ઉપાર્જન કરવું એજ છે એવું શમજશે નહી તથા સમજ્યા છતાં પણ વર્તશે નહીં ત્યાં સુધી હે જયેષ્ઠ પુત્રો—મુનિવરો ! આ પંચમકાલમાં જૈનધર્મની કરવા ધારેલી ઉન્નતિ થશે—અભ્યુદય થશે ઉદયનો સમય આવશે ? કદાપિ નહી. ત્યાં સુધી જૈનોની તથા જૈનધર્મની ઉન્નતિની આશા તે મૃગતૃષ્ણાવડે તૃષાને છીપાવવાની જેવી આશા સમજવી. શ્રાવકોના ધનાર્જનની સાથે મુનિઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સાધન તથા ચારિત્રના શુદ્ધ નિર્વાહનો પણ નિકટ સંબંધ છે. જે શ્રાવક નીતિથી ધન સંપાદન કરી તેવા દ્રવ્યના પદાર્થોથી મુનિને પ્રતિલાભતો હોય તે મુનિને આહાર, વસ્ત્ર, પાત્રાદિ સર્વે ચારિત્ર ધર્મના આરાધનમાં સાત્વિક વૃત્તિ ઉત્પાદક થાયછે, તેના મનને શાંત રાખે છે, આર્તધ્યાન કે રૌદ્ર ધ્યાનથી દૂર રાખી ધર્મધ્યાન કે ઉત્તમ ભાવનાઓમાં પ્રવૃત્તિ કરાવે છે. "આહાર એવો ઓડકાર" એ લૌકિક કહેવત ગંભીરાર્થ સૂચક છે. અનીતિવાન કે કૃપણના ઘરની ગોચરી મુનિને સ્વાધ્યાયાદિકમાં બહુજ વિઘ્ન કરતા થાય છે એવા જે અનુભવી મુનિયોના પરમ પવિત્ર ઉપદેશ તે આ લખાણના રહસ્ય સૂચક છે તેથી ગૃહસ્થ ધર્માનુયાયી શ્રાવકોને તીર્થંકર મહારાજની પ્રથમ આજ્ઞા એ છે કે તેઓએ પોતાનો ગૃહસ્થાશ્રમ–નિર્વાહ ન્યાયોપાર્જિત દ્રવ્યથીજ ચલાવવો જોઈએ.

અન્યાયોપાર્જિત દ્રવ્યથી જે જે કાર્યો થાય છે તે ક્ષણવિનશ્વર તથા પરિણામે દારૂણ વિપાકવાળા થાય છે. અને ન્યાયોપાર્જિત દ્રવ્યથી જે જે કાર્યો થાય છે તે દીર્ઘ કાળ સ્થાયી તથા પરિણામે શુભવિપાકવાળા થાય છે તે સંબંધી શાસ્ત્રગત એક દૃષ્ટાંત સ્મરણ કોટીમાં છે તે નિવેદન કરૂં છું.

અનર્ગળ વિભૂતિને ધારણ કરનાર એક દિવ્ય પ્રતાપી રાજા હતો. યુવાવસ્થા સંપાદન થતાં અનેક પ્રકારના સાંસારિક ભોગ યથેચ્છપણે તે ભોગવવા લાગ્યો. એકદા તેના મનમાં એવો સંકલ્પ થયો કે આ રાજ્યનગરીમાં મારા જે જે રાજ્યમેહેલ છે તેમાંથી એકપણ એવો સુંદર નથી કે જેને દેખતાંજ મનુષ્યોના મુખમાંથી વાહવાહાના ઉદ્ગારો નિકળે–ચિત્ત ચમત્કાર પામે. આખરે એવો દ્રઢ નિશ્ચય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો કે ગમે તેટલા દ્રવ્યનો ખર્ચ થાય તોપણ મહા વિશાળ-રમણીય-ઉત્તંગ અને લક્ષ્મીને વિલાસના સ્થાનની જેવો લક્ષ્મીવિલાસ નામનો રાજ્યમેહેલ બંધાવવો. પોતાને થયેલા સંકલ્પનો દ્રઢ નિશ્ચય થતાંજ બ્રહસ્પતિ જેવી બુદ્ધિવાળા સુજ્ઞ પ્રધાનને તે પ્રમાણે રાજ્ય મેહેલનો પ્લાન કરાવવાની આજ્ઞા કરી. તે સાંભળી પ્રધાને કહ્યું કે મહારાજ ! આપનો વિચાર ઘણોજ ઉત્તમ છે એવા રાજ્ય મેહેલથીજ આ રાજ્ય નગરની શોભા છે. એટલુંજ નહી પરંતુ આપ જેવા વાસુદેવની વિભૂતિને ભોગવનારા મહારાજાધિરાજને સુખ-ભોગ વિલાસ ભોગવવાને માટે તેવા રાજ્યમેહેલની ખાસ આવશ્યક્તા છે. પરંતુ મારી વિનંતિ એ છે કે આપણા રાજ્યના મહાનિપુણ જ્યોતિષ્ વેત્તા પાસે શુભ મુહૂર્તનો નિશ્ચય કરાવી તેવા શુભ દિવસે શુભ મુહૂર્ત્તે લક્ષ્મી વિલાસ મેહેલનું ખાત મુહૂર્ત્ત કરાવવું. પ્રધાનની સલાહ પ્રમાણે રાજાએ રાજ્યના પ્રવીણ જોશીઓને આમંત્રણ પૂર્વક બોલાવ્યા. નિપુણ જોશીઓએ એકમત થઇ શુભ દિવસ તથા શુભ મુહૂર્તનો નિશ્ચય કર્યો. પરંતુ વિનંતિ સાથે જણાવ્યું કે હે રાજન્ જો આ લક્ષ્મી વિલાસ મેહેલ દીર્ઘ કાળ સ્થાયી રહે-ટકે એવી અભિલાષા-ધારણા રાખતા હો તો શાસ્ત્રનિયમાનુસારે ખાત મુહૂર્ત કરતી વખતે ખાત કરવાના ખાડામાં **ન્યાયોપાર્જિત ધન** પ્રક્ષેપ કરી ખાતમુહૂર્તની ક્રિયા સમાપ્ત કરવાની જરૂર છે. તેવા ધનવાળા પાયા ઊપર બંધાવેલું મકાન દીર્ઘકાળ સુધી અચળ રહેશે. મુહૂર્ત્ત ગમે તેવું સારૂં હોય પરંતુ અન્યાયોપાર્જિત ધન, તેનાથી થતા કાર્યને ક્ષણ વિનશ્વર કરી નાંખે છે.

જોશીઓના આ ઉપદેશથી રાજાના મનમાં શંકા ઊપન્ન થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વિચારવા લાગ્યો કે હું નીતિ પૂર્વક રાજ્ય ચલાવું છું. અનિતિને લેશ માત્ર અવકાશ આપતો નથી. મારા ન્યાયના અધિકારીઓ કોઇ ગુન્હેગારનો ગેરવાજબી રીતે દંડ કરી મારી રાજ્યની દોલતમાં વધારો કરે નહીં એવી મારી ખાસ તેઓને આજ્ઞા છે એટલુંજ નહીં પરંતુ મારા વહીવટી અમલદારોને પણ એવીજ રીતે મેં સૂચના કરી છે કે તમારે રાજ્યની મેહેસુલ નીતિ પૂર્વક રેહેમ નજરથી વસૂલ કરવી. એ પ્રમાણે જેજે ખાતાઓમાં દ્રવ્ય ઉપાર્જન થઈ રાજ્યની દોલતમાં વૃદ્ધિ થાય છે તે મારી સર્વ દોલત ન્યાયોપાર્જિત જ છે એવી મારી માન્યતા છે. એટલું છતાં આ રાજ્યની દો[illegible]ત–લક્ષ્મીથીજ લક્ષ્મીવિલાસ મેહેલનું ખાત કરવું કે નહીં તે બાબતમાં પ્રધાનજીની સલાહની ખાસ જરૂર છે. બાદ પ્રધાનજી ને બોલાવી પોતાને ઉદ્ભવેલો સઘલો વિચાર નિવેદન કર્યો.

તે સાંભળી પ્રધાનજીએ વિનંતિ સાથે ઉત્તર આપ્યો–કે હે મહારાજ ! જોકે આપના રાજ્યમાં સર્વે રાજ્યના અધિકારીઓને આપે આજ્ઞા કરી છે કે લેશ માત્ર અનીતિ પૂર્વક અમલ ચલાવી રાજ્યની દોલતની વૃદ્ધિ કરવી નહીં તેથી આ રાજ્યની સમૃદ્ધિ ન્યાયોપાર્જિત છે, તોપણ અમુક દ્રવ્ય ન્યાયોપાર્જિત છે કે અન્યાયોપાર્જિતછે તે સંબંધી ખાતરી કરવાના સાધનો અનેક પ્રકારના છે. તેમાંથી એક વિચાર મને આ સમયે સુઝી આવ્યો છે તે એછે કે—

આપણા રાજ્યનગરમાં કલ્યાણ વત્સલ નામનો એક મહા ધનાઢ્ય જૈન ધર્મી શેઠ વસેછે. તે સદાચરણી–ગ્રહસ્થ ધર્મને શાસ્ત્રાનુંસારે પાળનાર–નિર્મળ મતિવાળો છે. પોતે મહારંભના કાર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ કર્માદાનના કાર્યોથી ઉદાસિન છે. શુદ્ધ નીતિથી અલ્પારંભના કાર્યો કરી દ્રવ્યનો સંચય તેણે કરેલો છે. ઊપજના પ્રમાણમાંજ ખર્ચ રાખી પોતાની વિભૂતિનો ખોટો ડોળ બતાવ્યા શિવાય વ્યવહારના તથા ધર્મના કાર્યો નિર્મળ અંતઃકરણથી કરેછે. જૂઠી ડંફાસથી તે પરાઙ્મુખ છે એટલુંજ નહીં પરંતુ કોઈપણ મનુષ્યનું કોઇપણ કાર્ય સાધી આપવાને તેણે વચન આપ્યું હોય તો મહા મુશીબત વેઠવાને પ્રસંગે પણ આપેલા વચનનો નિર્વાહ કરે છે. એ શેઠનું દ્રવ્ય ન્યાયોપાર્જીત છે. એવી લોક વાચ્યતા છે તેથી તેના દ્રવ્યનો ઉપયોગ રાજ્ય મેહેલના ખાતમાં આવે તો રાજ્ય મેહેલ ચિરકાલ સ્થાયી રહે તેમાં સંશય નથી.

રાજાએ કહ્યું, પ્રધાનજી! આપના વિચારને હું અનુમોદન આપું છું. પરંતુ તે પ્રમાણે અમલ કરતા અવ્વલ આપણા રાજ્યના દ્રવ્યની તેમજ સદરહુ શેઠના દ્રવ્યની ન્યાયોપાર્જીતપણા સંબંધી પરિક્ષા કરવી જોઇએ.

તત્કાલ પ્રધાનજીએ કલ્યાણવત્સલ શેઠને દરબારમાં તેડી લાવવાસારૂ હજુરના ખાસ પટ્ટાવાલાને મોકલ્યો. તેણે જઈ કલ્યાણવત્સલ શેઠને કહ્યું કે મહારાજાધિરાજ આપને યાદ કરે છે. તે સાંભળતાંજ શેઠ, પોશાક પેહેરી, સજ્જ થઈ, ઉચિત વ્યવહાર સાચવી દરબારમાં આવ્યા. રાજાધિરાજને વંદન કર્યું. શેઠને અભિવંદન આપી, રાજાએ યોગ્ય સ્થાનકે બેસવા સૂચના કરી. તદનંતર રાજાએ શેઠને પુછ્યું.

રાજા—શેઠ! શું રોજગાર કરો છો?

શેઠ—કૃપાનાથ! હું શરાફીનો રોજગાર કરૂં છું. તેમજ વિમો ઊતારવાનો પણ ધંધો કરૂં છું.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા

સ્વર્ગવાસી અને જૈનોમાં મહોપકારી મહા મુનિરાજશ્રી આત્મારામજી મહારાજના પવીત્ર નામને સ્મરણ રાખવા તે મરહુમ આચાર્યના વિદ્વાન શિષ્યોની સંમતીથી શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલય અને તેને અંગે શ્રી જૈન આત્માનંદ સભા સ્થાપન થયેલી છે.

જૈન પ્રજામાં ધાર્મિક અને સાંસારિક ઉન્નતી જાગ્રત થાય અને તેવા વાંચનની અભિરૂચી વધવા માટે, વિદ્વાન લેખકોને ઉત્તમ ગ્રંથના સંબંધમાં ઘટતું ઉત્તેજન મળ્યા કરે, પ્રાચીન ગ્રંથોના જ્ઞાનનું દોહન કરી ભાષાંતર રૂપે અથવા કલ્પીત કથાનક રૂપે સારા સુબોધક વિષયો જૈન વર્ગની સમક્ષ પ્રતીમાસે પ્રગટ થયા કરે, ઓછા જ્ઞાનવાળા લેખકો ઉપર ઘટતો અંકુશ રહી શકે અને સારા નઠારા વાંચનની પરિક્ષણ શક્તિ કરી શકે પ્રજા પ્રાપ્ત હેતુથી આ સભા તરફથી આ આત્માનંદ પ્રકાશ લગભગ પંદર માસ થયા પ્રગટ કરી જૈન બંધુઓની સેવા બજાવવામાં છે.

સદરહુ માસિકના કાયમી ગ્રાહકો પાસેથી રૂ ૨૫—૦—૦ પચીશ એકી વખતે લેવામાં આવે છે જેથી ફરી જીંદગી સુધી કાંઇ પણ લવાજમ આપવું પડતું નથી અને આ માસિક કાયમ ભેટ આપવામાં આવે છે ગુરૂ મહારાજના ભક્ત જનોએ અથવા ધર્મની લાગણીવાળા જૈન બંધુઓએ ભકિતની ખાતર અથવા આવા સારા માસિક ઉતેજનાર્થે આ જ્ઞાન ખાતાનું કાર્ય જાણી તેને મદદ કરવા રૂ. ૨૫—૦—૦ આપી કાયમ ગ્રાહક થવા વિનંતી છે.

નહીં તો છેવટ ગ્રાહક થવા આવશ્યકતા આવે છે.

આ સભામાં ( શ્રીજૈન આત્માનંદ સભામાં ) જે સદ્‌ગૃહસ્થ રૂ. ૧૦૦ સો. એકી વખતે આપશે તે પેલા વર્ગના માનવંતા લાઇફ મેમ્બર ગણાશે. અને તેને આ સભા અને પુસ્તકાલય તરફથી બહાર પડતું આ માસિક તેમજ જૈન તત્વાદર્શ વિગેરે જેજે ગ્રંથ બાહાર પડશે તે તમામ ભેટ આપવામાં આવશે તેમજ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ગૃહસ્થ એકી વખતે રૂ ૫૦-૦-૦ પચાશ આપશે તે બીજા વર્ગના લાઇફ મેમ્બર ગણાશે અને તેને આ માસિક તથા આ સભા તેમજ પુસ્તકાલયના તરફથી પ્રગટ થતાં રૂ. ૨-૦-૦ એની કીમત સુધીનું કોઇ પણ પુસ્તક ભેટ આપવામાં આવશે.

આ સભામાં કોઇપણ સભા-લાઇબ્રેરી-પાઠશાળા કન્યાશાળા કે એવી કોઇપણ મંડળીઓને લાઇફ મેમ્બર કરવામાં આવશે.

## આ વર્ષે આ સભામાં થયેલ માનવંતા લાઇફ મેંમ્બરોના નામો.

## પેલા વર્ગના માનવંતા લાઈફ મેંમ્બરો.

૧૦૦) શેઠ ભાઇચંદ જેઠાભાઇ.—વડનગરવાળા હા. શેઠ નગીનદાસ જેઠાભાઇ.

૧૦૦) શેઠ કીસનચંદજી હીરાલાલજી વર્ધાવાળા.

## બીજા વર્ગના માનવંતા લાઇફ મેંમ્બરો.

૫૦) શેઠ પોચાલાલ ડુંગરશી પ્રાંતિજવાળા.
૫૦) શેઠ નગીનદાસ જીવણભાઇ નવસારીવાળા.
૫૦) શેઠ શામજીભાઇ પદમશી કચ્છવાળા.
૫૦) શ્રી વીજાપુર જૈનશાળા હા. શેઠ નથુભાઇ મંચ્છારામ.

## પત્ર વ્યવહાર.

શ્રી જૈન આત્માનંદ સભાના મેનેજર હેરીસ રોડ **ભાવનગર** કાઠીયાવાડ એ નામથી કરવો.

For Private And Personal Use Only